# અ નુ ક્ર મ ણિ કા


1. ‘અ’ને કંઈ નહીં ‘અ’ ............................1
2. અચરજ ............................................4
3. અલીબાબા .........................................6
4. આજ નંબર-એક્સ..............................10
5. ઇલજામ .........................................16
6. ઈંટોના સાત રંગ ..............................22
7. ઊંટ .............................................27
8. એક અમુક ટાઇપનો માણસ ................33
9. એક સોમવાર .................................36
10. કઉતુક ..........................................58
11. કલ્કિ ............................................61
12. કવિતા એ તો આત્માની કલા છે ...........68
13. કાન .............................................71
14. કાલસર્પ .........................................76
15. કુતૂહલ...........................................81
16. ‘ક્રિસમસ’ .......................................86
17. ગઈકાલની એક વાત .........................90
18. ચકી લાવી ચોખાનો દાણો ..................94
19. છગન મગન તારા છાપરે લગન ...........99
20. છોડ............................................104
21. જન્નત કી હકીકત.............................112
22. જુદાઈ ..........................................119
23. જોલી જોનીની કહાની .......................126
24. ટેબલ એપલ પેની ........................... 135
25. ડમી ............................................141
26. તારા ...........................................145
27. ત્રણ અધૂરી વાર્તાઓ ........................ 158
28. ‘દ્વારકાપ્રશાદ’ ................................ 163
29. ધારો કે–......................................171
30. નાદાની ........................................178
31. નોલો કોન્તેન્દેરે ..............................181
32. પાનકોરનાકે જઈ ........................... 187
33. પાંપણ .........................................190
34. પૃથ્વી અને સ્વર્ગ............................ 198
35. પ્રશ્નો વધતા જતા હતા... .................205
36. બહાર .........................................209
37. બે કૌંસની વચ્ચે ..............................211
38. મકાન..........................................216
39. મારે તારું મોં ચાખવું છે....................220
40. મિસ્ટર મ્હૈસૂર ...............................226
41. ‘મોરે પિયા ગયે રંગૂન’..................... 231
42. યારકિ..........................................241
43. રાત્રિ ...........................................246
44. રી–રાઇટ....................................... 251
45. લલ્લિનક્કાક્કા ................................260
46. લોકલ..........................................264
47. વટલાવવાનો એક કિસ્સો ..................270
48. વરસાદના દિવસો ગયા ....................275
49. વહાલનો દરિયો ............................. 281
50. વોઇસઓવર ..................................285
51. શેષ પ્રહર .....................................294
52. સમજૂતી....................................... 310
53. સરલ અને શમ્પા............................ 316
54. સિમ્પલ હાર્મોનિક મોશન ..................323
55. સ્મશાન.........................................327
56. હડતાલ....................................... 331
57. હરિ કી કહાની, કમ્પ્યૂટર કી જબાની ... 333
58. હાઇજેકર......................................342
59. હિંમતલાલ મોહનલાલ કોઠારી............348
60. હુગલીનાં મેલાં નીર ........................ 351
61. હું પતંગિયું છું................................359
62. ‘હેવન હોમ’ .................................366

# ‘અ’ને કંઇ નહીં ‘અ’

હું એક જૂના ઘરમાં આવી હતી. ઘરની આસપાસ એક ઉજ્જડ કમ્પાઉન્ડ હતું. જે ગલીમાં ઘર હતું તેમાં ટેલિફોનના જૂના સેટ, વાયર, ફ્રીજમાં વપરાયેલા ડિસ્પોઝડ ગુડ્ઝ અને એવી બધી જૂની વખરી વેચાતી હતી. ગલીની બહાર નીકળતાં ‘નિરામય’ નામનું એક ચેસ્ટ ક્લિનિક હતું અને એની બહારની ભીંત ઉપર ઓઇલપેઇન્ટથી ડોક્ટરોના આવવાજવાના કલાકો લખ્યા હતા. પી. કે. રેંગે... ફ્રોમ સિક્સ થર્ટી ટુ... એની ઉપર મ્યુનિસિપલ ઇલેક્શનના એક ઉમેદવારનું નિશાન કોલસાથી દોરેલું હતું.

ઘરની બહાર જે ઉજ્જડ કમ્પાઉન્ડ હતું ત્યાં જૂની જામફળીનું થડિયું, એક કદી ન ફાલેલું ચમ્પાનું થડિયું અને પાંદડાંવાળું દાડમનું એક ઝાડ હતું. એમાં દાડમની કળીઓ પણ ફૂટી હતી, પણ મને ખાતરી હતી, ચાર ફાડ કરી લાલ હીરા મઢ્યા હોય, ચામડા જેવી જેની છાલ હોય અને માથે ટોપલો મૂકી બે-દા-ના બે-દા-ના કરીને ફેરિયા જેને વેચતા હોય એવાં દાડમ આમાં કદી ઊગવાનાં નથી. એની કળીઓ તોડવાથી તૂરા સ્વાદવાળા સાબુદાણા ભર્યા હોય એવું લાગતું. અને તેર વર્ષની બાલિકાના દાંત જેવી દાડમની કળીઓ તોડી કેટલીય વાર હું છાલ સમેત ખાઈ જતી, ચાવતી ચાવતી.

ઘર મોટું હતું અને જે કમ્પાઉન્ડમાં આ બધાં ઝાડ હતાં તે કમ્પાઉન્ડમાં પ્લાસ્ટિકના કારખાનાનું ખંડેર હતું. રોમન સ્થાપત્યના થાંભલા પીળી માટીથી ચીતરેલા ઈંટોના દાંત દેખાડતા હસતા હતા. એવું એક એકઢાળિયું પણ હતું. એમાં પહેલાં રહી ગયેલા પારસીઓનું તાડીનું ગોડાઉન હતું. હવે એ પણ અવાવરું અવસ્થામાં પડ્યું હતું. પારસીઓની જીપ કોઈ વાર આવતી અને લાકડાનાં બેરલોમાં ભરેલી તાડી ગંધાઈ ઊઠતી. એ કમ્પાઉન્ડમાંથી મને એક વાર બેડમિન્ટનનું એક કોર્ક મળ્યું હતું. ઘરમાં રહેવા આવતાં પહેલાં મને હતું કે એની ઉપર રંગચૂનો કરાવતાં પહેલાં એક વખત અંદર જઈ આવવું. રહી ગયેલા લોકોની ગંધ જોઈ આવવી, ભુલાઈ ગયેલું બાળોતિયું કે કોહાઈ ગયેલી કોઈ વસ્તુ જોઈ ખયાલી રીતે માનવત્વ વગેરેના વિચારો કરવા, પણ હું ઘરમાં ગઈ ત્યારે એમાં કંઈ જ નહોતું. કોઈએ કાળજીથી સાફ કર્યું હોય એવું પણ નહોતું લાગતું. માત્ર પડ્યું પડ્યું જૂનું થઈ ગયું હોય એવું લાગતું હતું. એ વખતે ગરમી ખૂબ પડતી હતી, તડકો પણ ખૂબ પડતો હતો. ખંડની ઊંચાઈ ખૂબ હતી અને બૂમ પાડવાથી જાણે પડઘા પડશે એવું લાગલાગ કરતું. બારીના સળિયાના પડછાયા એકબીજામાં સેળભેળ થઈ જાય એટલી હદે પ્રકાશિત તડકો પડતો હતો. બારીમાંથી બહાર દૂરદૂર સુધી કંઈ દેખાતું નહોતું. માત્ર એક

છેડે કાચ બનાવવાનું એક કારખાનું હતું અને એમાંથી ક્યારેક ક્યારેક માણસોની આવજા થતી દેખાતી, પણ નજરની સામે કાંઈ દેખાતું નહીં. એ ખંડ એકદમ ચિક્કાર ભર્યો હશે. કોઈ વિલાસી ધનિકની મહેફિલમાં કે પાર્ટિશનની મદદથી કોઈ બાલમંદિરના ચારેક વર્ગ ચાલતા હશે એવું હું જ્યારે ઘર અને ખંડ વિશે સાંભળતી ત્યારે માનતી. અહીં એક પણ નિશાન નહોતું દેખાતું. એક પણ માણસનું એક પણ ચિહ્ન નહોતું. હું અગાશીમાં ચડીને ઘર બાંધનારે બાંધેલ ઘડિયાળ તરફ અને વીજળી ગળી જનાર તાર તરફ અને પાણીની ટાંકી તરફ જોતી હતી. મારું નાક દુર્ગંધની એક લહેરખીથી ભરાઈ ગયું. મેં ડોકું કાઢીને નીચે જોયું તો ઘરની નીચેની ઓસરીમાં સૂકું ઘાસ હતું અને એની ઉપર કોઈએ ખીજમાં ઘા કરીને ફેંકેલું એક ટૂથબ્રશ પડ્યું હતું. એ સિવાય આખા ઘરની અંદર એક પણ...

વીજળી ગળી જનાર તારની ઉપર વચ્ચે લાલ ગોળાકારવાળી એક પતંગ ફસાયેલી પડી હતી અને પેલું ઘડિયાળ પણ ચાલતું હતું. દુર્ગંધની બીજી લહેરખીથી મારા શરીરની અંદરથી જાણે આંતરડાંની ઊલટી થશે એવું થઈ ગયું. મેં ધ્યાનથી જોયું, તે ખંડની અંદર પ્રકાશ પડે અને વરસાદ ન પડે એવી અંગ્રેજી ઢબની ગોઠવણ હતી અને અગાશીમાં એનો પોલો ઓટલો હતો. એ ઓટલાની બાજુમાં કાચની બારીઓની હાર હતી. મેં તેમાંથી નીચે જોયું તો ખંડની વચ્ચોવચ એક શબ પડ્યું હતું. થોડી જ મિનિટો પહેલાં હું નીચે હતી ત્યારે મેં એ શબ જોયું નહોતું. હું ઝડપથી નીચે આવી.

મને થયું કે શબને જોતાંવેંત મારા મોંમાંથી ચિત્કાર કેમ નીકળ્યો નહીં? હું મૂર્છિત કેમ ના થઈ ગઈ! આશ્ચર્ય કેમ ન થયું? અરે, એ શરીર તે શબ જ છે એની ખાતરી કેમ થઈ ગઈ? મને જોઈને શબ ઊભું થઈ ગયું, મને જરા પણ કમકમાટી ન આવી. મને થયું કે આવું કંઈ બને તો જ જિંદગી રોમાંચક થાય છે. મેં કુતૂહલથી એની સામે જોઈ નમસ્તે કર્યાં.

શબના શરીર ઉપર એક પણ વસ્ત્ર નહોતું. મને થયું કે આ શબ જ ઘડિયાળને ચાવી આપતું હશે, એટલે જ ઘડિયાળ ચાલતી હશે. મેં નમસ્તે કર્યાં પછી શબ મારી સામું એક વિચિત્ર દૃષ્ટિથી તાકી રહ્યું. મને સમજ ન પડી કે એ પુરુષ છે કે સ્ત્રી. કારણ કે ઓહ-ઓહ-ઓહ-એના આખા શરીર પર ખૂબ ખૂબ વાળ ઊગ્યા હતા. શબે એ વાળ બતાવી કહ્યું, આ તો ફૂગ છે, અને પછી મારા પૂછ્યા વગર પોતાની વાત શરૂ કરી.

‘આજથી પોણોસો વર્ષ પહેલાં એક વિદેશી એન્જિનિયરે આ જગ્યા પસંદ કરી હતી એનું ઘર બાંધવા માટે. આ ઘર એને ઈરાની ગાલીચાઓથી, કટગ્લાસનાં ઝુમ્મરોથી, રૂપાનાં રોશનદાનોથી, ભીંતચિત્રોથી અને એની પહોંચની એકએક શૃંગારસામગ્રીથી ભરી દેવાની એની કામના હતી. જિંદગીની શરૂઆતમાં એને જબરદસ્ત ફતેહ મળી હતી અને માત્ર છ માસ પછી એનાં લગ્ન એક ડચેસની પુત્રી સાથે થવાનાં હતાં. એનો ઉત્સાહ હતો કે પોતે જાતે આ ઘરનો પ્લાન બનાવશે. અગાશીમાં એક વેધરકોક, એક ઘડિયાળ વગેરે એ સમયમાં કલ્પ્ય બધી જ જાતની સમૃદ્ધિથી આ ઘરને બેનમૂન બનાવશે અને નવવધૂને પહેલે જ દિવસે એ ઘરમાં લઈ આવશે. એના હાથે જ ઉદ્‌ઘાટન કરાવશે અને આ મકાનમાં જ હરહંમેશ રહેશે. એના વારસોને વારસામાં આપતો જશે. એના જ બનાવેલા મકાનમાં એની આખી સંતતિ ઊછરશે.